શ્રી રાધા માધવ મંદિર

રથયાત્રા જે કાર્ટ ફેસ્ટીવલ રૂપે પણ ઓળખાય છે, રથયાત્રા ભારતમાં પરંપરાગત રૂપે નિકાળવામાં આવે છે. રથયાત્રા જગન્નાથપુરીમાં ધામધૂમ સે કાઢવામાં આવે છે.જેને લાખો શ્રદ્ધાલુગણ જોવા આવે છે. પશ્ચિમમાં પરંપરાગત રથયાત્રા પર્વ ૧૯૬૭ થી એ.સી. ભક્તિવેદાન્તા પ્રભુપાદા ના સાનિધ્યમાં શરૂ કરવામાં આવી હતી. ત્યારથી જ અષાઢી બીજના દિવસે વિશ્વના મોટા શહેરો જેમકે લંડન, મોસ્કો, ટોરેન્ટો, જ્હાનિસબર્ગ, દેલ્હી, ન્યુયાર્ક, અમદાવાદમાં ભગવાનના રથયાત્રા નગરચર્યામાં નિકળે છે.

મેટોડા જીઆઈડીસીમાંથી મળી આવેલ બોમ્બ વિસ્ફોટ ન નીકળતાં હાશકારો અનુભવતી પોલીસ

રાજકોટ, એકતરફ બે દિવસથી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી વિવિધ કાર્યક્રમો અંતર્ગત રાજકોટની મુલાકાતે છે. બીજીતરફ શહેરની ભાગોળે આવેલા મેટોડા જીઆઈડીસીમાં બૉમ્બ હોવાના સમાચાર મળતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ બૉમ્બ સ્કવોડ સાથે દોડી ગયા હતા. તપાસ દરમિયાન અસલ બૉમ્બ જેવો લાગતો અને ટાઈમર લગાવેલો બૉમ્બ મળી આવ્યો હતો. જો કે બાદમાં આ બૉમ્બ નકલી હોવાનું ખુલતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. અને આ કૃત્ય આચરનારને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી.

આજે સવારે એક જાગૃત કારખાનેદારે મેટોડા જીઆઈડીસી પાસે સત્યાય ટેકનો કાસ્ટ નજીક બૉમ્બ હોવાની માહિતી પોલીસને આપી હતી. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ અને બૉમ્બસ્કવૉડ સાથે જિલ્લા પોલીસ વડા અંતરિપ સુદ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. બૉમ્બસ્કવૉડની તપાસ દરમિયાન દેશી બનાવટનો ટાઈમર બૉમ્બ મળી આવતા બૉમ્બસ્કવૉડે તે કબ્જે કરી નજીકના મેદાનમાં ડિફ્યુઝ કરવાની કામગીરી હાથ ધરી હતી. જો કે ત્યારબાદ આ બૉમ્બ બનાવટી હોવાનું ખુલતા સૌ-કોઈએ હાશકારો અનુભવ્યો હતો.

રાજકોટ જિલ્લા પોલીસ વડા અંતરિપ સુદે જણાવ્યું હતું કે, મેટોડા ફૈંક્ટ્રીમાંથી મળી આવેલો બૉમ્બ દેશી બનાવટનો ટાઈમર બૉમ્બ હોવાનું જણાયું હતું. પરંતુ બૉમ્બસ્કવૉડ દ્વારા તપાસ થતા આ બૉમ્બમાંથી કોઈ એક્સપલોઝીવ મળી આવ્યું ન હતું. માત્ર ડરાવવા માટે આ પ્રકારનું કાવતરૂ કરાયું હોય તેવું લાગી રહ્યું છે. સત્યાય ટેકનો કાસ્ટના મિટિંગ રૂમમાંથી મળેલા આ બૉમ્બમાં ઉપર ટાઈમરની માફક ઘડિયાળ લગાવવામાં આવી હતી. પરંતુ તેમાં કોઈપણ સરકીટ મળી નથી.

જો કે કારખાનાની તપાસ કરતા તેના મિટિંગરૂમના બાથરૂમની છત પરથી આ મટીરીયલ મળ્યું હતું. જેના પર ટાઈમર લગાવી બૉમ્બ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે, પરંતુ બૉમ્બને લગતું કોઈ મટીરીયલ મળ્યું નથી. કારખાનાના જ કોઈ માણસે આ કૃત્ય કર્યું હોય તેવું જણાતા હાલ આ કૃત્ય કોણે અને શા માટે કર્યું તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલાની તપાસ એસઓજી ટીમને સોંપવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યું હતું.

ઈમામી લાવી છે તમે આતુરતાથી વાટ જોઈ રહ્યા હતા તે ડબલ- લાસ્ટિંગ ડાયમંડ શાઈન ક્રેમ હેર કલર!

4.0
NATURAL BROWN
emami
DIAMOND SHINE™
Crème Hair Colour
with Diamond Serum*
MONEY BACK CHALLENGE
DOUBLE LASTING COLOUR
SUPERIOR SOFTNESS
AMAZING SHINE

રાષ્ટ્રીય સ્તરે લોન્ચ કર્યા પછી લગભગ એક વર્ષ બાદ ઈમામી ડાયમંડ શાઈન ક્રેમ હેર કલરે હેર કલર બજારમાં ભારે ઘેલું લગાવ્યું છે. બોલીવૂડની ગ્લેમરસ અભિનેત્રી શિલ્પા શેટ્ટી બ્રાન્ડનો પ્રચાર કરી રહી છે. તેણે ટ્વીટમાં જણાવ્યું કે મારા ઈમામી ડાયમંડ શાઈન ક્રેમ હેર કલર મારા વાળને હીરા જેવી ચમક આપતા હોવાથી હું ફરી તેના પ્રેમમાં પડી છું. તેનો ચમત્કાર તમે જાતે જ અનુભવો!

હેર કલર મુખ્યત્વે ધોળા વાળ પર આવરણ માટે અથવા સ્ટાઈલના કાયાકલ્પ માટે ઉપભોક્તાઓ દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. ગ્રાહકો હંમેશાં એવા હેર કલર જોતા હોય છે જે દીર્ઘ ટકાઉ હોય અને સતત ટચ અપ કરવાની ઝંઝટ દૂર થાય.(૧૬)

મોદી સરકાર ૧લી ઑગષ્ટથી તમામ મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં ખાદ્ય પદાર્થોના એક ભાવનો કાયદો લાવશે

ગાંધીનગર, કેન્દ્ર સરકારના આદેશને પગલે બીજા રાજયોની સાથે ગુજરાતમાં પણ મલ્ટીપ્લેક્સમાં ખાદ્ય પદાર્થો અને ઠંડા પીણાના ભાવ એકસરખા રાખવામાં આવશે. રાજ્યના નાગરિક પુરવઠા વિભાગના અધિકારીએ કહ્યું હતું કે જે મલ્ટીપ્લેક્સ સંચાલકો અમલ નહીં કરે તેની સામે પગલાં લેવાશે. કેન્દ્ર સરકાર ૧લી ઓગસ્ટથી દેશના તમામ મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં ખાદ્ય પદાર્થોના એક જ ભાવનો કાયદો લાવવા જઈ રહી છે. આ સાથે દેશના તમામ મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં ખાદ્ય પદાર્થોના ભાવ એક સમાન થઈ જશે. હાલ મલ્ટીપ્લેક્સમાં પ્રેક્ષકોને નાસ્તાની વિવિધ આઈટમોમાં લૂંટવામાં આવે છે. ૧૦ રૂપિયાની પોપકોર્ન ૫૦ રૂપિયામાં આપે છે. ઠંડાપીણાની બોટલની પ્રિન્ટેડ કિંમત ૧૦ રૂપિયા હોય તો પણ ૨૫ રૂપિયા લેવાય છે. એ ઉપરાંત બીજા ગરમ નાસ્તાના બેફામ ભાવ ટિકિટ સાથે પડાવી લેવામાં આવે છે. થિયેટરો અને મલ્ટીપ્લેક્સ જેઓ નિયમનું પાલન નહીં કરે તેમની સામે ગુજરાત સરકાર કાર્યવાહી કરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી થિયેટર અને મલ્ટીપ્લેક્સમાં ખાવા પીવાની ચીજ વસ્તુઓ બહારથી લાવવા પર મનાઈ હોવાથી ખાવા પીવાની વસ્તુઓ થિયેટર અને મલ્ટીપ્લેક્સની અંદરથી જ ખરીદવી પડતી હતી અને જેના ભાવ બે થી ત્રણ ગણા વસૂલવામાં આવે છે. અધિકારીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારનો ગૃહવિભાગ આ મામલે ૬ સપ્તાહમાં નીતિ તૈયાર કરશે અને એક જ વસ્તુ પર છપાયેલી કિંમત અલગ-અલગ નહીં હોય.

ભારતના પ્રથમ હિટાચી વર્લ્ડનો અમદાવાદમાં પ્રારંભ

અમદાવાદ, અમદાવાદમાં ભારતના પ્રથમ એવા હિટાચી વર્લ્ડનો પ્રારંભ થયો છે, જે રેસિડેન્શિયલ અને કમર્શિયલ એર કંડિશનર્સનો વિશાળ એક્સ્લુઝિવ એક્સ્પિરિયન્સ સ્ટોર છે. જે કંપનીના વિસ્તરણ કાર્યક્રમ માટેનું એક નવું સિમાચિહ્ન છે. આ નવો શોરૂમ ૧૦૦૦થી વધુ સ્ક્વેર ફૂટમાં વિસ્તરિત છે જે અમદાવાદમાં પકવાન સર્કલ, સિંધુ ભવન રોડ ખાતે સ્થિત છે. તે સમગ્ર બીટુબી અને બીટુસી કન્ઝ્યુમર સેગમેન્ટ્સ દર્શાવવા વન-સ્ટોપ શોપ તરીકે કાર્યરત રહેશે અને તેનો ઉપયોગ તાલીમ આપવા માટે પણ થશે. તે કંપનીની એર કંડિશનીંગ પ્રોડક્ટ્સની સમગ્ર રેન્જ દર્શાવશે.

જહોનસન કંટ્રોલ્સ-હિટાચી એર કંડિશનીંગ એ અમેરિકાની જહોનસન કંટ્રોલ્સ અને હિટાચી એપ્લાયન્સીસ, જાપાનનું જોઈન્ટ વેન્ચર છે. જહોન કંટ્રોલ્સ - હિટાચી એર કંડિશનીંગ ઈન્ડિયા લિમિટેડ (જેસીએચ-આઈએન) એ ભારતનું યુનિટ છે અને દેશનું ત્રીજું સૌથી વિશાળ એર કંડિશનર્સનું વિશાળ સેલર છે. કંપનીનું વિઝન વર્ષ ૨૦૨૦ સુધીમાં આ ક્ષેત્રે નંબર-૧ કંપની બનવાનું છે. તેની ગ્રોથ સ્ટ્રેટેજીના ભાગરૂપે, તે આવા સાત સ્ટોર્સ આગામી વર્ષના અંત સુધીમાં નોન-મેટ્રો ટીઅર ૧ શહેરોમાં ખોલવા માટે આયોજન કરી રહી છે.

આ પ્રસંગે જેસીએચ-આઈએનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગુરમીત સિંઘે કહ્યું હતું, અમે ઉત્કૃષ્ટ બ્રાન્ડ અનુભવ મળે એ માટે સતત ઊર્જા કાર્યક્ષમ પ્રોડક્ટ્સમાં, ચેનલ નેટવર્ક વધારવામાં અને આફ્ટર સેલ્સ સર્વિસીઝમાં સુધારો કરવામાં સતત રોકાણ કરી રહ્યા છીએ. (૧૯-૧૦)

બેંક ઓફ બરોડાને ૬,૦૦૦ કરોડનું મૂડીભંડોળ ઊભું કરવા શેરધારકોની મંજૂરી મળી

મુંબઈ, બેંક ઓફ બરોડાને આજે પ્રીમિયમ/ડિસ્કાઉન્ટ પર ક્યુઆઈપી/એફપીઓ/પ્રેફરન્શિયલ ઈશ્યૂ/રાઈટ્સ ઈશ્યૂ/એડીઆર-જીડીઆર/પ્રાઈવેટ પ્લેસમેન્ટ/કમ્પલ્સરિલી કન્વર્ટિબલ ડિબેન્ચર્સઅને અન્ય પણ માધ્યમ થકી કે તેમાંનાં વિવિધ માધ્યમોનો એકસાથે ઉપયોગ કરીને ઈક્વિટી મૂડી દ્વારા વધુ રૂ. ૬,૦૦૦ કરોડ ઊભા કરવાની હિતધારકો પાસેથી મંજૂરી મળી હતી.

બેંકની ૨૨મી સાધારણ વાર્ષિક સભા (એજીએમ) વડોદરાનાં અકોટામાં સયાજીરાવ નગરગૃહમાં આજે યોજાઈ હતી, જેમાં હિતધારકોએ મૂડીભંડોળ ઊભું કરવાની મંજૂરી આપી હતી. આ સભાનાં અધ્યક્ષસ્થાને બેંકનાં ચેરમેન શ્રી રવિ વેંકટેસન હતાં. આ પ્રસંગે બેંકનાં એમડી અને સીઈઓ શ્રી પી એસ જયકુમાર અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રીમતી પાપિયા સેનગુપ્તા તથા અન્ય ડિરેક્ટર પણ ઉપસ્થિત હતાં.(૧)

એસબીઆઈએ ૧૮મી જુલાઈનાં રોજ ગુજરાતમાં કિસાન મેલાનું આયોજન કર્યું

અમદાવાદ : દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧૮ જુલાઈ, ૨૦૧૮નાં રોજ ગુજરાતની આશરે ૭૫૦ ગ્રામીણ અને અર્ધ-શહેરી શાખાઓમાં કિસાન મેલાનું આયોજન કરશે. મેલા એસબીઆઈની ખેડૂતો, ગ્રાહકો સાથે જોડાણ વધારવાની એક પ્રકારની પહેલ છે, જેમાં તેમની ફરિયાદોનું નિવારણ કરવામાં આવશે તથા તેમને વિવિધ અધિકારો અને બેંકોની પહેલો વિશે જાણકારી આપવામાં આવશે. આશરે ૧.૫૦ કરોડ ગ્રાહકો ધરાવતી બેંક આ મેગા કિસાન મેલા મારફતે ઓછામાં ઓછા ૧૦ લાખ ખેડૂતો સાથે જોડાવાની યોજના ધરાવે છે. તાજેતરમાં એસબીઆઈએ કિસાન મેલાનું આયોજન કર્યું હતું, જેમાં દેશનાં વિવિધ સ્થળો પરથી ૬ લાખથી વધારે ખેડૂતો સહભાગી થયાં હતાં. (૧)

ગ્રામ્ય ડિજિટલ ક્રાંતિ તરફ ડગ માંડી ઈફકો દ્વારા ‘ઈફકો આઈ મંડી એપ’નો પ્રારંભ



સહકારી ક્ષેત્રની વિશ્વની સૌથી મોટી ખાતર ઉત્પાદક કંપની ઈફકોએ ખેડૂતોને સેવા પૂરી પાડવાના ઉદ્દેશ્યથી સોશિયલ ઈ-કૉમર્સ એપ “ઈફકો આઈ મંડી” તથા એક વેબ પોર્ટલ શરૂ કરીને ડિજિટલ ક્ષેત્રમાં વધુ એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીના ડિજિટલ ઈન્ડિયાના સપનાંને સાકાર કરવાની દિશામાં આ એક સાર્થક પહેલ છે. ઈફકોની તમામ ઈ-કૉમર્સ અને ડિજિટલ પ્રવૃત્તિઓ ઈફકો આઈ-મંડી પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે.

આઈ-મંડી એ ઈફકોની સો ટકા ભાગીદારી ધરાવતી સહયોગી કંપની ઈફકો ઈ-બજાર લિમિટેડ દ્વારા સિંગાપુરની ટેકનોલોજી કંપની આઈ-મંડી પ્રાઈવેટ લિમિટેડની સાથે ભેગા મળીને કરવામાં આવેલ એક વ્યૂહાત્મક રોકાણ છે. કૃષિ ઉદ્યોગ તથા મોબાઈલ/ઈન્ટરનેટ ટેકનોલોજીના ક્ષેત્રના અનુભવી અને વ્યાવસાયિક લોકો તેની સાથે જોડાયેલા છે. આ પહેલનો ઉદ્દેશ્ય દેશના દરેક ખેડૂત સુધી ડિજિટલ ટેકનોલોજીનો લાભ પહોંચાડવાનો તથા ગ્રામ્ય ભારતમાં ડિજિટલ ક્રાંતિ લાવવાનો છે.(૧૬)

જૂનાગઢમાં અનરાધાર વરસાદ : ભાખરવડ ડેમ ઓવરફ્લો, ૨૦ ગામોને એલર્ટ કરાયા

જૂનાગઢ, જુનાગઢ જીલ્લામાં મેઘરાજાએ પોતાનું રોદ્ર સ્વરૂપ દેખાયું છે. જેને કારણે સમગ્ર જીલ્લામાં ધોધમાર વરસાદ થયો છે. ધોધમાર વરસાદ ને કારણે અનેક નદીઓમાં ઘોડાપુર આવ્યા છે. મેંદરડામાં એક ગામ માં ૧૪ લોકોને રેસ્ક્યુ કરી બચાવી લેવાયા છે. જયારે કેટલાક લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

જુનાગઢ જીલ્લામાં ૧ થી ૮ ઈંચ વરસાદ પડી ગયો હોવાનું જાણવા મળે છે. ત્યારે મેંદરડા તાલુકામાં આવતી ઓઝત નદીમાં પૂરની સ્થિતિ છે. નદીનું પાણી ખેતરોમાં ભરાઈ ગયું છે. જેથી વાડી વિસ્તારમાં ૪૧ લોકો ફસાયા હતા. આ અંગેની જાણ મામલતદારને કરી હતી અને રેસ્ક્યુ ટીમ દ્વારા તમામને બહાર કાઢી લેવાયા છે અને ગામની પ્રાથમિક શાળામાં રાખવામાં આવ્યા છે. તેવી જ રીતે માળીયા તાલુકાની જીવાદોરી સમાન ભાખરવડ ડેમ ઉપર ત્રણ દિવસ થયા ભારે વરસાદ વરસતા ભાખરવડ ડેમ છલકાઇ ગયો છે. જેના કારણે લોકોમા ખુશી વ્યાપી ગઈ છે. ભારે વરસાદ પડતા નવા નીરની આવક થઈ છે. હાલ ડેમ ભય જનક સપાટી વટવી ઓવર ફ્લો થતા માળીયા તાલુકાના ૨૦ ગામોના લોકોને પીવાના પાણી તેમજ સિચાઈ માટે ખેડુતોને પુરતા પ્રમાણમા પાણી મળી રહેશે.

હેપ્પે એઆઈ ક્ષમતા સાથેના એકપેન્સ મેનજમેન્ટ ઓટોમેશનના નવા યુગમાં પ્રવેશ કર્યો

અમદાવાદ, ભારતની સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી ફિનટેક કંપનીઓ પૈકી એક હેપ્પે કર્મચારીઓ દ્વારા તેમની ઓફિસિયલ ટ્રાવેલ (સત્તાવાર મુસાફરી) દરમ્યાન થયેલ ખર્ચને એઆઈ ક્ષમતા સાથે ઓટો પોપ્યુલેટ (સ્વયંરીતે આયોજીત) કરતા તેના એકસપેન્સ મેનેજમેન્ટ પ્લેટફોર્મની એન્ટરપ્રાઈઝ એડિશન લોન્ચ કરી.

તાજેતરના આંધ્રપ્રદેશ હાઈકોટના ચુકાદાના પ્રેસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જો કર્મચારી બિલ રજૂ ન કર્યા હોય તો કર્મચારીઓને ચૂકવવામાં આવેલ ડીએ બિલ (ડાઈમ એલાવન્સ) પર યોગ્ય કર વસૂલવાની જવાબદારી એમ્પલોયરની (નોકરીએ રાખનાર) છે. તેનો અર્થ એ છે કે કંપનીએ આવા ખર્ચાઓનો રેકોર્ડ જાળવી રાખવો પડે. જેને સરળતાથી હેપ્પેના લેટેસ્ટ એન્ટરપ્રાઈઝ એડિશન સાથે જાળવી શકાય છે.

હેપ્પેના કો-ફાઉન્ડર અને સીઈઓ અંશુલ રાયે જણાવ્યું કે ‘ઓફિસિયલ ટ્રાવેલ સતત વૃદ્ધિ પામી રહી છે, હેપ્પે કોર્પોરેટ અને કર્મચારીઓ એમ બંને માટે ટેકસનો બોજ ઓછો કરવા માટે તેના એન્ટરપ્રાઈઝ એડિશનમાં એઆઈ-સંચાલિત ક્ષમતા વિકસાવી છે. તે ડેલી એલાવન્સીસ (દૈનિક ભથ્થાઓ) વિવિધ સોર્સીસમાં ઓટોમેટિકલી મેળવી લેશે અને સોફ્ટવેરમાં સેવ કરશે, આમ તે કર્મચારીઓ માટે સુવિધા પ્રદાન કરે છે.’ (૧૩-૫)

યામાહાએ સ્પોર્ટી સ્કૂટર ખરીદનારાઓ માટે ‘સ્ટ્રીટ રેલી’ લોન્ચ કર્યુ

ઈન્ડીયા યામાહા મોટર (આઈવાઈએમ) પ્રાઈવેટ લિમિટેડ એ ભારતમાં તેની સ્કૂટર સિરીઝ સિગ્નસ રે ઝેડઆરમાં ‘સ્ટ્રીટ રેલી’ નામે એક નવીન આકર્ષક એડિશન લોંચ કર્યુ છે. સ્ટ્રીટ રેલી એડિશન માટે યામાહાના ઈન્ટરનેશનલ સ્તરે પ્રખ્યાત મોડલ્સમાંથી ડિઝાઈનની પ્રેરણા લેવામાં આવી છે. તે ‘સિગ્નસ રે ઝેડ આર’ ના મસ્કયુલર ડિઝાઈન ટ્રેંડને વધારે સ્પોર્ટી લોક આપે છે. તેમાં યામાહા એમટી-૦૯ માં ઉપયોગ કરવામાં આવેલ નવી રીતે ડિઝાઈન કરેલ ‘વિંગ સ્ટાઈલ ફેયરિંગ’ (ફ્રંટ ફેયરિંગ) ને અપનાવવામાં આવેલ છે જે વિંડ ડિફલેકટરની જેમ કામ કરવા સાથે તેના સ્પોર્ટી લુકની આકર્ષતા વધારે છે. નવીન ‘નકલ ગાર્ડ’ હેન્ડલ ગ્રિપને હવાના સામે રક્ષણ આપે છે અને ફ્રંટ ફેંડર કિચડના છાંટાઓ સામે રક્ષણ આપવામાં મદદરૂપ છે. આ બન્ને ખૂબિઓ તેના સ્પોર્ટી લુકમાં વૃદ્ધિ કરે છે. શાર્પ, સ્પોર્ટી મિરર સાથે વિશેષરીતે તૈયાર કરાયેલ ‘રાઈઝિંગ એર ટેલ’ તેના આકર્ષણમાં વૃદ્ધિ કરે છે. તેમાં ઉર્જાની બચત કરતું ‘રોલર રોકર આર્મ’ સાથે ડિઝિટલ મીટર છે, સાથે ખૂબ ઓછી સ્પીડમાં ચલાવવા માટે ‘ઈઝી ટુ યૂઝ’ પાવરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સિગ્નસ રે ઝેડ આર ‘સ્ટ્રીટ રેલી’ એડિશનમાં પાવર માટે કન્ટીન્યુઅસ વેરિએબલ ટ્રાન્સમિશન (સીવીટી) યૂનિટ સાથે એર કુલ્ડ ૪-સ્ટ્રોક એસઓએચસી ૨ વાલ્વ સાથેનું ૧૧૩ સીસીનું ‘બ્લ્યુ કોર’ એન્જીન છે જે શરૂઆતના એકસીલરેશન અને પિકઅપનો શાનદાર અનુભવ આપે છે. ૧૭૦ એમએમ ડાયામીટરવાળા ફ્રંટ ડિસ્ક બ્રેક અને એલોય વ્હીલ સ્ટીયરિંગ એસેબલી ઈનર્શિયલ મૂમેન્ટને ઓછી કરે છે, જેનાથી તેને સંભાળવાનું સરળ બનશે. (૧૩-૫)

ડબલ્યુએચઓના જાતીયતા અંગેના નિર્ણયથી મોટું પરિવર્તન આવશે!

જિનીવા, કમ્પલ્સિવ સેક્સ્યુઅલ બિહેવિયર અર્થાત્ બળજબરીથી શારીરિક સંબંધ બનાવવાની કોશિશ કરવી તેને સાદા શબ્દોમાં સેક્સ એડિક્શન અથવા સેક્સનું વ્યસન કહી શકાય. તેને વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)એ સત્તાવાર રૂપે માનસિક બીમારીનો દરજ્જો આપી દીધો છે. આમ તો જે આ પ્રકારની સમસ્યાથી પીડિત છે અને પોતાની સારવાર કરાવવા માગે છે તેમના માટે ‘હૂ’નો આ મહત્ત્વનો નિર્ણય છે. જે તેમના માટે લાભદાયી હોઈ શકે છે. ‘હૂ’ મુજબ, સેક્સનું વ્યસન નિરંતર ચાલતી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ પોતાની તીવ્ર, વારંવાર પુનરાવર્તિત થતી સેક્સ ઉત્તેજના અથવા કહો કે સેક્સ કરવાની તેની ઈચ્છાને કાબૂમાં રાખી શકતો/શકતી નથી. ‘હૂ’ એ સેક્સ વ્યસનને જે રીતે વ્યાખ્યાયિત કર્યું છે તેની સાથે જોડાયેલી રસપ્રદ વાત એ છે કે વ્યક્તિના કેટલા સેક્સ પાર્ટનર રહ્યા છે કે પછી તે કેટલી વાર સેક્સ કરે છે તેના પરથી તે સેક્સનો/ની વ્યસની છે તે નક્કી ન કરી શકાય. પણ સેક્સ વ્યસનને એવી સ્થિતિ કરીકે વ્યાખ્યાયિત કરાયું છે કે જેમાં સેક્સ સાથે જોડાયેલી વ્યક્તિ પોતાના આરોગ્ય, અંગત કાળજી અને બીજી પ્રવૃત્તિઓ, તેમજ જવાબદારીઓની પરવા કરતો/કરતી નથી. જો કોઈ વ્યક્તિમાં સતત છ મહિના સુધી ઉપર દર્શાવેલાં લક્ષણો દેખાય અને જો કોઈ વ્યક્તિ સેક્સના લીધે પોતાનાં કામો, ભણતર, પરિવાર, અને મિત્રો સહિત જવાબદારીઓની અવગણના કરે તો તેને સેક્સ વ્યસનીની શ્રેણીમાં રાખી શકાય. કેટલાક દિવસો પહેલાં ‘હૂ’એ સેક્સ વ્યસનને જે શ્રેણીમાં રાખ્યું છે તે જ શ્રેણીમાં રમતના વ્યસનને પણ રાખ્યું હતું.

દુનિયાભરના નિષ્ણાતો ‘હૂ’ના આ નિર્ણયથી ખુશ છે. તેમનું માનવું છે કે સેક્સ એડિક્શનમે માનસિક બીમારીની શ્રેણીમાંમાં રાખવાથી આ સમસ્યાથી પીડિત લોકોની સારવારના ઘણા વિકલ્પો મળશે અને આ ક્ષેત્રમાં સંશોધન પણ થઈ શકશે.

ચીને દુનિયાનું ખતરનાક શિપ ઉતાર્યું, એશિયાઈ દરિયા પર રાજ કરશે

બેઈજિંગ, તાજેતરમાં ચીનની નૌકાદળમાં વિશ્વની સૌથી ઝડપી અને વિશાળ મિસાઈલ ડિસ્ટ્રોયર જોડવામાં આવી છે, જે એશિયાના સૌથી વધુ જટિલ અને ઘાતક જહાજ હોવાનું માનવામાં આવે છે. ચિની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) પાંખના નેવી ૦૫૫ પ્રકારના માર્ગદર્શિત-મિસાઈલ ડિસ્ટ્રોયર બે ૧૩,૦૦૦ ટન લોન્ચ કરી હતી. આ વહાણની જટિલ ડિઝાઈન, ડિટેક્ટીવ ફિચર્સ, રડાર અને મોટી મિસાઈલની સ્થાપના કરવામાં આવી છે. આ નવા ચાઈનીઝ શિપબિલ્ડર જહાજ યુએસ, જાપાન અને દક્ષિણ કોરિયા કરતાં વધુ શક્તિશાળી અને ઝડપી છે.

બે નવા મિસાઈલ લોન્ચ મોટા પ્રમાણમાં તેમના નેવી ને ખુબ જ વધારે તાકાત મળશે. પીએલએ અનુસાર, ચાઈનાના ૦૫૨ ડી ડિસ્ટ્રોયર કરતાં ૦૫૫ વધુ શક્તિશાળી હશે. લાંબા અંતરની મિસાઈલ ખાતે હુમલો કરવાની ક્ષમતા હશે ચાઈના અનુસાર, અને તે ૧૧૨ ઊભી લૉન્ચ ટ્યુબ દરેક નવા ડિસ્ટ્રોયર પડશે. યુ.એસ આ વર્ષે સિરિયા પર આક્રમણ કરવા માટે આ પ્રકારની ડિસ્ટ્રોયરનો ઉપયોગ કરાયો હતો. હથિયારો વહન કરવાની ક્ષમતા ૦૫૫ દુશ્મનના વિમાનો, જહાજો, મિસાઈલ, વગેરેનો નાશ કરી શકે છે. ચીનના દૈનિક અહેવાલ અનુસાર, આ જહાજ મધ્ય પૂર્વ જેવા વધુ દૂરના વિસ્તારોમાં રક્ષણ માટે તૈયાર કરવામાં આવેલ છે. આ જહાજની લંબાઈ યુ.એસ. અને દક્ષિણ કોરિયા કરતાં ૩,૦૦૦ ટન વધુ છે, જે સમગ્ર એશિયામાં સમુદ્ર પર રાજ કરશે.

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ લશ્કરી અધિકારી પીટર લિટનના જણાવ્યા અનુસાર, ચાઈના બ્લુ વોટર પર મોટા બ્લોક બનાવશે, જે આગામી સમયમાં અમને દશ્યક્ષમ હશે. ચાઈનાએ આ મહિને ૩ જુલાઈના રોજ સમુદ્રમાં ૦૫૫ ગાઈડેડ મિસાઈલ લોન્ચ કર્યો. ચાઈનાની નૌકાદળ સમુદ્રમાં તેની તાકાત વધારવા માટે પગલા દ્વારા પગલું આગળ વધીને આગળ વધી રહી છે.

પ્રુડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસે TA એસોસિએટસને લઘુમતી હિસ્સો ઓફર કર્યો

મુંબઈ અને અમદાવાદ : પ્રુડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ (“પ્રુડન્ટ”) એક મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય વેલ્થ પ્રોડકટસના અગ્રણી વિતરક દ્વારા આજે જાહેર કરવામાં આવ્યું છે કે તેમણે અગ્રણી ગ્લોબલ ગ્રોથ પ્રાઈવેટ ઈક્વિટી કંપની, TA એસોસિએટસને લઘુમતી હિસ્સો ઓફર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. આ સોદાની નાણાકિય શરતો જાહેર કરવામાં આવી નથી. વર્ષ ૨૦૦૧માં સ્થપાયેલી પ્રુડન્ટ મ્યુચ્યુઅલ ફંડઝ, બોન્ડઝ, બ્રોકીંગ અને ઈન્સ્યોરન્સ પ્રોડકટસ થકી વ્યક્તિગત અને કોર્પોરેટ પ્લાનીંગ સર્વિસીસ પૂરી પાડે છે. પ્રુડન્ટ એમના ૧૦,૦૦૦થી વધુ સ્વતંત્ર ફાયનાન્સિયલ એડવાઈઝર્સ (IFAs) ના નેટવર્ક થકી કાર્યરત છે અને તેઓ રૂ.૧૮,૦૦૦ કરોડથી વધુ એસેટ અન્ડર મેનેજમેન્ટ (AUM) ધરાવે છે. પ્રુડન્ટ પાર્ટનર્સને તાલીમ, ડેવલપમેન્ટ સર્વિસીસ, ક્લાયન્ટસ બેઝ વધારવા અને મેનેજ કરવા માટે ટેકનોલોજી પ્લેટફોર્મ, બેક ઓફિસ સર્વિસ અને સેલ્સ તથા માર્કેટીંગ સપોર્ટ પૂરો પાડે છે. કંપની ગુજરાતમાં અમદાવાદ ખાતે હેડક્વાર્ટર ધરાવે છે અને ભારતનાં ૧૯ રાજયોમાં ૭૦ શાખાઓનું સંચાલન કરે છે. (૧૯-૧)

જાહેર નોટીસ

અહીં ગ્રાહકોને જાણકારી આપવામાં આવે છે કે નીચે જણાવેલીમાંથી કેટલીક કે બધી ચેનલો જેના (નામ કાર્ટુન નેટવર્ક , પોગો,ડબલ્યુ બી,એચબીઓ,અને સીએનએન ઈન્ચરનેશનલ)ના સિગન્લ નીચે જણાવેલ મલ્ટી સિસ્ટમ ઓપરેટર(રો)નો ત્રણ અઠવાડિયા પછી તેમનું જોડાણ રદ થઈ શકે છે.:-

ક્રમ નં.	મલ્ટી સિસ્ટમ ઓપરેટરો નો નામ	ડીએનએસ નોટીફાઈડ એરીયા	જોડાણ રદ થવાનું કારણ
૧.	સુરજ કેબલ નેટવર્ક	રાજકોટ	બાકી રકમની ચુકવણી નહી થતા
૨.	લકી કેબલ નેટવર્ક	દમણ	બાકી રકમની ચુકવણી નહી થતા

બધા વિસ્તારની સેવા ઉપરોક્ત પાર્ટીઓ દ્વારા પ્રભાવિત થઈ શકે છે.

ટર્નર ઈન્ટરનેશનલ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ માટે અને તેના વતી પ્રકાશિત
દ્વારા : ઈન્ડિયા કાસ્ટ મીડિયા ડિસ્ટ્રીબ્યુટશન પ્રાઈવેટ લીમીટેડ
૭૦૩, ૭મો માળ, એચડીઆઈએલ કાલેડોનીયા, વિજય નગર સામે, સહાર રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯

SHRIRAM HOUSING FINANCE
FINDING WAYS TO FUNDING HOMES

શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લીમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ ઓફીસ નં.૧૨૩, અંગપ્પા નીકેન સ્ટ્રીટ, ચેન્નઈ-૬૦૦૦૦૧
હેડ ઓફીસ - ૧,લેવલ, વોકહાર્ટ ટાવર, ઈસ્ટ વીંગ સી-૨, બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પલેક્ષ,
બાન્દ્રા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૧. : ટેલીફોન : ૦૨૨ ૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨ ૪૦૬૦ ૩૧૦૦
વેબસાઈટ : www.shriramhousing.in

સુધારો

કબ્જા નોટીસ(નિયમ ૮ (૧))

૧૩મી જુલાઈ ૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ થયેલી કબ્જા નોટીસની જાહેર ખબરમાં જે હોય તે કરજદાર **શ્રી પ્રજાપતિ ગીરીશકુમાર જોઈતારામ અને શ્રીમતી શોભાબેન ગીરીશકુમાર જોઈતારામ લોન એકાઉન્ટ નંબરSLPHAHEA0000051અને** SLPHAHEA0000065 છે.

નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ (એસ એચ. એફ. એલ.)ના સત્તાવાર અધિકારી જે હોય તેણે સીક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્સન ઓફ ફાઈનાન્સીયલ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (**કહેવાતા કાયદો**)ની જોગવાઈ મુજબ જેમાં કલમ ૧૩(૧૨) આ કાયદાના નિયમ ૩ સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ (૨૦૦૨) **કહેવાતા કાયદો**)માંગણા નોટીસ માં જણાવ્યા પ્રમાણેની રકમ ભરી જવાનું જણાવવામાં આવ્યુ હતું.

કરજદારો નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ પરત આપવામાં નિષ્ફળ ગયા છે તેથી સામાન્ય જનતા અને કરજદારને એસએચએફએલના નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ અહી નીચે જણાવેલ મીલકતનો ભૌતિક કબ્જો લીધો છે જે મીલકત ગીરો હતી. આ માટે આ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ અને તેની સાથે નિયમ ૮ વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી **તા. ૧૨મી જુલાઈ ૨૦૧૮ (૧૨.૦૭.૨૦૧૮)** ના રોજ કબ્જે લીધી છે.

સહી/-
અધિકૃત અધિકારી
શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૭-૦૭-૨૦૧૮

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com